ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



CEAT કંપનીના ટાયરો બળીને ખાક : સદ્‌નસીબે જાનહાનિ ટળતા હાશકારો

## હાલોલ નજીક ટાયર ભરેલા ટેમ્પોમાં આગ



(પ્રતિનિધિ) હાલોલ તા.26

હાલોલ બાયપાસ રોડ નજીક આજે સોમવારે સવારે એક મોટી દુર્ઘટના સામે આવી છે, જ્યાં ટાયર ભરેલા એક આઈશર વાહનમાં અચાનક ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, Ceat કંપનીના ટાયર ભરીને જઈ રહેલા આઈશર વાહનમાં અગમ્ય કારણોસર અચાનક આગ ફાટી નીકળી હતી. ટાયરનો જથ્થો હોવાના કારણે આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આખું વાહન સળગીને ખાખ થઈ ગયું હતું. આગ એટલી વિકરાળ હતી કે આકાશમાં ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. આઈશર વાહનમાં ગેસ કીટ આવેલી હોવાથી અને મોટી હોનારત સર્જાવાની શક્યતાને ધ્યાનમાં રાખીને ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તુરંત સ્થળ પર પહોંચી ગયો હતો. સુરક્ષાના ભાગરૂપે પોલીસે હાઈવેનો એક તરફનો વાહનવ્યવહાર તાત્કાલિક અસરથી બંધ કરાવી દીધો હતો. આગની ગંભીરતાને જોતાં હાલોલ, કાલોલ તેમજ સ્થાનિક કંપનીના મળીને કુલ 4 ફાયર ટેન્ડરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરોએ ફોમનો મારો ચલાવીને ભારે જહમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

વન વિભાગ અને સિદ્ધાંત જીવદયા ટીમની કામગીરી

## કંજરીમાં કરંટ લાગવાથી ઘાયલ કપીરાજની સારવાર



(પ્રતિનિધિ) હાલોલ તા.26

હાલોલ તાલુકાના કંજરી ગામમાં કરંટ લાગવાથી કપીરાજ (વાનર) ઘાયલ થતાં વન વિભાગ અને સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા તાત્કાલિક રેસ્ક્યૂ કરી તેની દવા-સારવાર શરૂ કરવામાં આવી હતી. વન વિભાગના આર.એફ.ઓ. ચંદ્રિકાબેન ચૌધરીના નિર્દેશન અને માર્ગદર્શન હેઠળ વન વિભાગના સ્ટાફ તથા સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા કપીરાજની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. છેલ્લા બે દિવસથી કપીરાજની દવા-સારવાર ચાલુ છે અને તેને સ્વસ્થ કરવા માટે ટીમ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અબોલ જીવની પીડાને સમજીને તેને નવજીવન આપવા માટે વન વિભાગ અને સિદ્ધાંત જીવદયા ટીમની આ કામગીરી જીવદયા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

જૈવવિવિધતા પુનઃસ્થાપનના કાર્યને વૈશ્વિક સન્માન

## હાલોલના ડૉ. રાજુભાઈને આંતરરાષ્ટ્રીય ‘લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ’ મળ્યો




(પ્રતિનિધિ) હાલોલ તા.26

‘વૉકમેન ઑફ ઈન્ડિયા’ની પાંચ દાયકાની માનવસેવા, પર્યાવરણ સંરક્ષણ, પ્રાકૃતિક કૃષિ અને ક્યારેક જીવનની સૌથી સુંદર ક્ષણો શબ્દોમાં નહીં, પરંતુ હૃદયની ઊંડી લાગણીઓમાં અનુભવાય છે. ગોવાના અરબી સમુદ્રમાં પૂર્ણિમાની ચાંદની, મંદમંદ પવન અને સમુદ્રનાં મોજાંઓના સંગીત વચ્ચે ગુજરાતના જાણીતા પર્યાવરણપ્રેમી, કુદરતી ખેતીના પ્રચારક અને નિઃસ્વાર્થ સેવાયોગી ડૉ. રાજુ એમ. ઠક્કર, ‘વૉકમેન ઑફ ઈન્ડિયા’ને તેમની દાયકાઓની સેવાયાત્રા અને પર્યાવરણલક્ષી યોગદાન બદલ એશિયન PGPR સોસાયટીનો ‘લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ’ અર્પણ કરવામાં આવ્યો. એશિયન PGPR સોસાયટીના સ્થાપક પ્રમુખ અને ચેરમેન ડૉ. એમ. એસ. રેડ્ડીના હસ્તે આ સન્માન પ્રાપ્ત થવું હાલોલ અનેગુજરાત માટે ગૌરવની ક્ષણ બની. ૯મી એશિયન PGPR આંતરરાષ્ટ્રીય પરિષદ, ગોવા-૨૦૨૬ના સંદર્ભમાં આયોજિત આ સન્માન સમારોહમાં ભારત સહિત અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ચીન, સાઉદી અરેબિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, તાઈવાન, ફિલિપાઈન્સ અને દક્ષિણ કોરિયા સહિતના દેશોના ૪૯૫થી વધુ વૈજ્ઞાનિકો, કૃષિ સંશોધકો, શિક્ષણવિદો અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓની ઉપસ્થિતિએ આ ક્ષણને વિશેષ ગૌરવ અપાવ્યું. ચાંદની રાતે સાગરની વિશાળતા વચ્ચે પ્રાપ્ત થયેલું આ સન્માન માત્ર એક વ્યક્તિની સિદ્ધિ નથી; તે નિઃસ્વાર્થ માનવસેવા, પ્રકૃતિપ્રેમ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને ભારતીય સંસ્કારોથી પ્રેરિત જીવનદર્શનનું સન્માન છે. ડૉ. રાજુ એમ ઠક્કર માટે આ સિદ્ધિ ઈશ્વરની કૃપા, પરિવારના સંસ્કાર, ગુરુજનોના આશીર્વાદ અને સેવાકાર્યમાં જોડાયેલા અસંખ્ય સહયોગીઓના યોગદાનનું પ્રતીક છે.

મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં

## વેજલપુર રમણ સૂર્યા હોલમાં ૨૮ તેજસ્વી વિદ્યાર્થીનું સન્માન



(પ્રતિનિધિ) કાલોલ તા.26

કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ કાકણ ફળિયા ના સુર્યા હોલ માં સર્વોદય યુવા વિકાસ ટ્રસ્ટ સંચાલિત સીજે એજ્યુકેશન સેન્ટરના કોમ્પ્યુટરમાં ઊડતી ન ચહેરા 28 વિદ્યાર્થીઓ જાહેર સલમાન કરવામાં આવ્યું હતું તેઓની વિવિધ સંગઠનો દ્વારા બેગ મુમેન્ટ અને સન્માન પત્રો આપી નવાજયા હતા.આ સમા મુખ્ય મહેમાન તરીકે ગોધરાના શિક્ષક અને જેઓ મફત બાળકોને 25 વર્ષથી અભ્યાસ કરાવે છે એવા ઈમરાન ભાઈ હતા.

જ્યારે આ કાર્યક્રમને શોભાવવા વેજલપુર સર્વોદય યુવા વિકાસ ટ્રસ્ટના પ્રમુખશ્રી સિદ્ધિક ટ્રૂપ ભાગ્યોદય યુવા વિકાસ મંડળ પ્રમુખ યોગેશ કાછિયા સર્વોદય યુવા વિકાસ ટ્રસ્ટના ઉપપ્રમુખ, મંત્રી તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સમારંભને દીપાવ્યો હતો.

પતિએ કુહાડીના ઘા ઝીંકી પત્નીને મોતને ઘાટ ઉતારી

## સીંગવડ તાલુકાના તારમી ગામે અગમ્ય કારણોસર પતિએ પત્નીની હત્યા કરી

**સારવાર** દરમિયાન હોસ્પિટલના બિછાને જ અંતિમ શ્વાસ લીધા

(પ્રતિનિધિ) સિંગવડ તા.26

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના તારમી ગામે એક સનસનાટીભરી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. કૌટુંબિક ઝઘડામાં ઉશ્કેરાયેલા પતિએ પોતાની જ પત્નીના માથામાં લોખંડની કુહાડીના જીવલેણ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

સૂત્રો દ્વારા મળતી પ્રાપ્ત વિગત અનુસાર, સિંગવડ તાલુકાના તારમી ગામના નિશાળ ફળિયામાં રહેતા રવિન્દ્રભાઈ ભાવસીંગભાઈ માલીવાડ અને તેમના પત્ની શંકુતલાબેન (ઉં.વ. 30) વચ્ચે ગત તારીખ 24/10/2026 ના રોજ બપોરે 3:00 વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. આ ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું અને આવેશમાં આવેલા પતિ રવિન્દ્રભાઈએ પત્ની શંકુતલાબેનના માથાના ભાગે લોખંડની કુહાડીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા અને લોહીલુહાણ હાલતમાં શંકુતલાબેનને તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓ એટલી ગંભીર હતી કે સારવાર કારગત ન નીવડી અને હોસ્પિટલના બિછાને જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટના અંગે મૃતકના પિતા રામસીંગભાઈ હરજીભાઈ તાવીયાડે (રહે. છટાડી, સંજેલી) રણધીકપુર પોલીસ મથકે પતિ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી જ્યારે રણધીકપુર પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023 ની કલમ 103(1) મુજબ હત્યાનો ગુનો નોંધી આરોપી રવિન્દ્રભાઈ માલીવાડની અટકાયત કરી હતી. જ્યારે રણધીકપુર પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન. ભરવાડ આ સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બનાસકાંઠા ખાતે ૨૪મો હપ્તો રીલીઝ થશે

## દાહોદમાં તા.૩૦ ઓક્ટોબરે ‘પી.એમ. કિસાન ઉત્સવ દિવસ’ની ઉજવણી કરાશે

( પ્રતિનિધિ ) સુખસર,તા.૨૬

આગામી તા. ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લા ખાતેથી ‘પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના’ હેઠળ ૨૪મો હપ્તો રીલીઝ કરવામાં આવનાર છે, જે અંતર્ગત આ દિવસને ‘પી.એમ. કિસાન ઉત્સવ દિવસ’ તરીકે ઉજવવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે દાહોદ જિલ્લામાં શ્રી રામ પાર્ટી પ્લોટ છાપરી ખાતે જિલ્લા કક્ષાના મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, જિલ્લા પંચાયતની કુલ ૫૦ સીટ દીઠ બે ગામ મળી જિલ્લાના કુલ ૧૦૧ ગામોમાં માનનીય પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમના જીવંત પ્રસારણનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ખેડૂતો માટે ખેતીલક્ષી લાભ વિતરણ, આધુનિક ખેતી પદ્ધતિઓ તેમજ સરકારની વિવિધ સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

સ્થળ પર ખેડૂતોની જાણકારી માટે વિવિધ પ્રદર્શન સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાથી, દાહોદ જિલ્લાના તમામ ખેડૂતોને આ કાર્યક્રમમાં સહભાગી થઈ બહોળો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

આ કાર્યક્રમ અંગે વધુ જાણકારી મેળવવા માટે ખેડૂતોએ પોતાના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી અથવા તાલુકા અમલીકરણ અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) અથવા નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવા માટે જિલ્લા ખેતીવાડી દાહોદની યાદીમાં જણાવાયું છે.

તણાવભરી સ્થિતિ બાદ શાંતિ સ્થપાઈ

## ઘોઘંબામાં યુવતી પરત સોંપાતા વિવાદનો અંત

( પ્રતિનિધિ ) ઘોઘંબા,તા.૨૬

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા નગરમાં ઝીંઝરી ગામની યુવતીના મામલે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા વિવાદનો અંત આવતા નગરમાં શાંતિનો માહોલ જોવા મળી રહ્યો છે. યુવતીને પરત સોંપવામાં આવતા તણાવભરી સ્થિતિ હળવી બની છે અને વેપારીઓએ ફરીથી પોતાની દુકાનો ખોલીને ધંધા-રોજગાર શરૂ કર્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, યુવતીના લગ્નના મામલે ઘોઘંબામાં વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ મુદ્દે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું, જેને સ્થાનિક વેપારીઓનો પણ પ્રતિસાદ મળ્યો હતો. ત્યારબાદ બીજા દિવસે કેટલીક દુકાનો બંધ કરાવવાની ઘટનાને પગલે નગરમાં તણાવ વધ્યો હતો. પરિસ્થિતિને શાંતિપૂર્ણ રીતે થાળે પાડવા માટે રાજકીય આગેવાનો, સરપંચો, વિવિધ સામાજિક સંગઠનો અને સ્થાનિક નાગરિકોએ પ્રયાસો હાથ ધર્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો પણ આ સમગ્ર મામલે સક્રિય રહ્યા હતા. બીજી તરફ, પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા જરૂરી કાર્યવાહી કરી હતી. સ્થાનિક આગેવાનો અને પોલીસના સંકલિત પ્રયાસો વચ્ચે ગઈ મોડી સાંજે યુવતીને પરત સોંપવામાં આવતા વિવાદનો અંત આવ્યો હતો.

પ્રતિક ઉપવાસ ના કરે તે માટે મંડપ તોડી નાંખ્યો

## કાતોલ ગામે અનુ.જાતિના ખેડૂતની જમીન પર સેટકો કંપનીનો કબજો!



(પ્રતિનિધિ) કાલોલ તા.26

કાલોલ તાલુકાના કાતોલ ગામે આવેલી સેટકો ઓટો સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ (Setco Auto Systems Pvt. Ltd.) કંપની દ્વારા અનુસૂચિત જાતિના ખેડૂતની સરકારી હુકમથી મળેલી જમીન પર કથિત રીતે ગેરકાયદેસર કબ્જો જમાવી દેવામાં આવ્યો હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ન્યાય મેળવવા માટે પ્રતિક ઉપવાસ પર બેસવા ગયેલા ખેડૂતનો મંડપ તોડી નાખવામાં આવતા મામલો વધુ ગરમાયો છે .આ ઘટના બાદ પીડિત વિજયભાઈ વણકરે સેટકો ઓટો સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ અને અંજુલા મેડમ વિરુદ્ધ કાલોલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે, જેની નકલ ડી.એસ.પી. પંચમહાલ-ગોધરાને પણ મોકલી આપવામાં આવી છે. અરજદારે આક્ષેપ કરી જણાવ્યુ છે કે લેન્ડ ગ્રેબિંગ ની મુદતમાં કંપનીના વકીલે આ મુદ્દે સમાધાન કરાવી આપીશ તેના બદલામાં રૂપિયા 25 લાખની માંગણી કરતો હોવાનો સનસનાટી ભર્યો આક્ષેપ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ બેન કેપિટલ (Bain Capital) સમર્થિત આરએસબી ટ્રાન્સમિશન્સ (RSB Transmissions) દ્વારા ‘સેટકો ઓટો સિસ્ટમ્સ’ કંપનીનું અધિગ્રહણ કરવામાં આવ્યું છે.

પરીક્ષાઓમાં મહેનત કેવી રીતે કરવી?અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ કેવી રીતે પાસ કરવી?નુ માર્ગદર્શન અપાયું

## સુખસર તાલુકાના મોટા નટવા જાંબુડી ગામે અનોખી રીતે શરદ પૂનમની ઉજવણી કરાઈ



( પ્રતિનિધિ ) સુખસર,તા.26

શરદ પૂનમના દિવસે મોટાનટવા ગામે મોટી સંખ્યામાં વડીલો, યુવાનો,માતાઓ,ભાઈઓ બહેનો અને નાના બાળકોને ભીતોડી પ્રા. શાળાના આચાર્ય શંકરભાઈ કટારા દ્વારા શરદ પૂનમના મહત્વ વિશે જાણકારી આપી હતી.જેમાં શરદ પૂનમ વર્ષાઋતુની પૂર્ણાહુતિ અને સરદઋતુની શરૂઆતમાં આવે છે.આ પૂર્ણિમાના ચંદ્રનો પ્રકાશ શરીર માટે ખૂબ જ ફાયદાકારક હોય છે.આરોગ્યની ચર્ચા કરતા જણાવ્યું કે માણસે 100 વર્ષ નિરોગી જીવન જીવવું હોય તો શું ખાવું?કેટલું ખાવું?કેવી રીતે ખાવું? ક્યારે ખાવું ?અને કેમ ખાવું?જેવી બાબતોને માહિતી આપી હતી. યોગમાં મનને કંટ્રોલ કેવી રીતે કરવું?ગુસ્સાથી દૂર કેવી રીતે રહી શકાય?જેવી બાબતોની ચર્ચા કરી હતી. ભક્તિ એટલે હંમેશા સાચું બોલવું, બીજાને મદદ કરવી,કોઈને નડવું નહીં,કોઈને બળવુ નહીં અને ભગવાન પાસે શું માંગવુ?કેવી રીતે માંગવું?જેવી બાબતોની ઉદાહરણો સાથે ચર્ચા કરવામાં આવી હતી. સાથે પરિવારમાં એકબીજા સાથે હળીમળીને કેવી રીતે રહી શકાય? કુટુંબમાં સંપ અને સહકારથી રહેવા માટે સહનશક્તિ ખૂબ જ જરૂરી છે. સાથે સમાજના વિકાસ માટે શિક્ષણ અને સંસ્કાર કેટલા જરૂરી છે તે બાબતે વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તથા બાળકોની યાદશક્તિ કેવી રીતે વધારી શકાય? પરીક્ષાઓમાં મહેનત કેવી રીતે કરવી?અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ કેવી રીતે પાસ કરવી? જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રમાણે અલગ રીતે શરદપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

### જાહેર નોટીસ

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મુ. ઝાલોદ

ક્રિ.પ.અ.નં.630/2026 મુદ્દત તા.27-10-2026 અરજદારના વ. શ્રી એસ એલ ડામોર

**અરજદાર** ભીખુભાઇ સુરપાળભાઇ ભેદી રહેવાસી ચિત્રોડિયા તા. ઝાલોદ જિ. દાહોદ

**સામાવાળા** તલાટી કમ મંત્રી, ચિત્રોડિયા રહે.ગ્રામ પંચાયત ચિત્રોડિયા તા. ઝાલોદ જિ.દાહોદ

**બાબત** : જન્મ મરણ નોંધણી અધિનિયમ 1969ની કલમ 13(3) મુજબ.

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઇસમોને આ નોટીસતી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી જાગૃતિબેન ભીખુભાઇ ભેદીનો જન્મ તા. 24-08-2009ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રીના જન્મની નોંધણી સામાવળા ત.ક.મંત્રીના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ. હાલમાં તેઓની પુત્રીના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતાં રેકર્ડ તપાસી તા.14-10-2026ના રોજ એવો દાખલો લખ આપેલ કે તેમના પુત્રીનું નામ જન્મ રજિસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નંબર 630/2026થી દાખલ કરેલ છે. સદરહુ જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઇ ઇસમો કે લગાત વાળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદ્દત તા. 27-10-2026ના રોજ સવારના 10-30 કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસૂર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

**આજ તારીખ 19 ઓક્ટોબર સને 2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો**

તૈયાર તથા મુકાબલ કરનાર (કે. પી. રાવત )સિની. કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી જી.જી. પટેલ (રજિસ્ટ્રાર) એડિ.ચીફ જ્યુડી. મેજિ. કોર્ટ, ઝાલોદ

### જાહેર નોટીસ

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મુ. ઝાલોદ

ક્રિ.પ.અ.નં.600/2026 મુદ્દત તા.26-10-2026 અરજદારના વ. શ્રી એચ એમ ભાભોર

**અરજદાર** બારીયા કલસિંગભાઇ મતાભાઇ રહેવાસી રાજપુર તા. ઝાલોદ જિ. દાહોદ

**સામાવાળા** તલાટી કમ મંત્રી, રાજપુર રહે. ગ્રામ પંચાયત રાજપુર તા. ઝાલોદ જિ.દાહોદ

**બાબત** : જન્મ મરણ નોંધણી અધિનિયમ 1969ની કલમ 13(3) મુજબ.

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઇસમોને આ નોટીસતી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પિતા બારીયા મતાભાઇ ગજાભાઇનું મરણ તા. 17-08-1986ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પિતાના મરણની નોંધણી સામાવળા ત.ક.મંત્રીના મરણ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ. હાલમાં તેઓના પિતાના અન્ય સરકારી કામકાજ માટે મરણના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતાં રેકર્ડ તપાસી તા.29-09-2026ના રોજ એવો દાખલો લખ આપેલ કે તેમના પિતાનું નામ મરણ રજિસ્ટરમાં નોંધાયેલ નથી અને મરણનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નંબર 600/2026થી દાખલ કરેલ છે. સદરહુ મરણનો દાખલો અરજદારને આપવા સામે જે કોઇ ઇસમો કે લગાત વાળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદ્દત તા. 26-10-2026ના રોજ સવારના 10-30 કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસૂર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

**આજ તારખ 14 ઓક્ટોબર સને 2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો**

તૈયાર તથા મુકાબલ કરનાર (કે. પી. રાવત )સિની. કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (રજિસ્ટ્રાર) એડિ.ચીફ જ્યુડી. મેજિ. કોર્ટ, ઝાલોદ

### જાહેર નોટીસ

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મુ. ઝાલોદ

ક્રિ.પ.અ.નં.599/2026 મુદ્દત તા.26-10-2026 અરજદારના વ. શ્રી એચ એમ ભાભોર

**અરજદાર** બારીયા વિપુલભાઇ સમુડાભાઇ રહેવાસી ધાવડિયા તા. ઝાલોદ જિ. દાહોદ

**સામાવાળા** તલાટી કમ મંત્રી, ધાવડિયા રહે.ગ્રામ પંચાયત ધાવડિયા તા. ઝાલોદ જિ.દાહોદ

**બાબત** : જન્મ મરણ નોંધણી અધિનિયમ 1969ની કલમ 13(3) મુજબ.

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઇસમોને આ નોટીસતી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના દાદા બારીયા જેતાભાઇ ગજાભાઇનું મરણ તા. 28-07-1990ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના દાદાના મરણની નોંધણી સામાવળા ત.ક.મંત્રીના મરણ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ. હાલમાં તેઓના દાદાના અન્ય સરકારી કામકાજ માટે મરણના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતાં રેકર્ડ તપાસી તા.03-10-2026ના રોજ એવો દાખલો લખી આપેલ કે તેમના દાદાનુ નામ મરણ રજિસ્ટરમાં નોંધાયેલ નથી અને મરણનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નંબર 599/2026થી દાખલ કરેલ છે. સદરહુ જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઇ ઇસમો કે લગાત વાળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદ્દત તા. 26-10-2026ના રોજ સવારના 10-30 કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસૂર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

**આજ તારીખ 14 ઓક્ટોબર સને 2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો**

તૈયાર તથા મુકાબલ કરનાર (કે. પી. રાવત )સિની. કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (રજિસ્ટ્રાર) એડિ.ચીફ જ્યુડી. મેજિ. કોર્ટ, ઝાલોદ

### જાહેર નોટીસ

મે .એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સંજેલી

ક્રિ.પ.અ.નં. ૭૫/૨૦૨૬ મુદત તારીખ: ૨૧/૧૦/૨૦૨૬

અરજદાર - ખાંટ ઇન્દિરાબેન ભોપતભાઈ, રહે.લવારા, તા.સંજેલી, જી.દાહોદ

સામાવાળા: ગ્રામ પંચાયત કચેરી ડુંગરા, તા. સંજેલી, જી.દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર ના નામે ખાંટ ઇન્દિરાબેન ભોપતભાઈ, રહે. લવારા, તા.સંજેલી, જી.દાહોદનાઓનો પુત્ર ખાંટ પ્રવિણભાઈ ભોપતભાઈ ની જન્મ તારીખ :૦૧/૦૬/૧૯૯૫ના રોજ લવારા, તા.સંજેલી, જી.દાહોદ મુકામે કુદરતી રીતે થયેલ છે. જેની નોંધ અરજદારની અજ્ઞાનતા અને શરતચુકથી સામાવાળાના રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોય મરણની નોંધણી કરાવવા સારુ હાલની અરજી કરેલ છે. સદરહું અરજી સામે લાગતા વળગતા હિત ધરાવતા ઇસમોને કોઈ વાંધો કે તકરાર હોય તો અત્રેની અદાલતમાં વાંધા ચા તકરાર મુ.તા.૨૧/૧૦/૨૦૨૬ના રોજ રજુ કરવા હાજર રહેવું. જો તેમ કરવામાં ચુક કરવામાં આવશે તો નામદાર અદાલત સદર અરજી અંગે આગળની કાયદેસરની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો. આજ તા.૧૩મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો. આથી જાહેર જનતા ને તેમજ લગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ થી જાણ કરવામાં આવે છે.

સિક્કો — હુકમથી એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, સંજેલી